# તુલસી કેસમાં ચાર્જશીટ દાખલ પણ દલીલો ૧૦મી સપ્ટેમ્બર પર મુલત્વી

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં જેની ઉત્તેજના પૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે તુલસી એનકાઉન્ટર કેસમાં ચાર્જશીટ બાબતે એપેક્સ કોર્ટે દલીલો અને વધુ



સુનાવણી સોમવાર ઉપર મુલત્વી રાખી છે. કોર્ટે કોઈ જજમેન્ટ આપ્યું નથી, નંબરીંગ પણ આપ્યું નથી અને ચૂકાદો પણ આપ્યો નથી, માત્ર સીબીઆઈએ રજૂ કરેલી ચાર્જશીટ સ્વીકારી છે.

પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી અમિત શાહનું ચાર્જશીટમાં નામ છે કે કેમ તે બાબત પણ ગુપ્ત રાખવામાં આવી છે. ક્યા ક્યા પોલીસ અધિકારીઓ સામે ચાર્જશીટ કરવામાં આવી છે તેની વિગતો પણ હજી બહાર આવી નથી. રાજસ્થાનના બે રાજકીય નેતાઓના તેમાં નામ છે કે કેમ તે અંગે પણ સીબીઆઈ દ્વારા ચૂપકિદી રાખવામાં આવી છે.

સોહરાબુદ્દીન અને કૌસરબી એનકાઉન્ટર કેસમાં મહત્વની વ્યક્તિ તુલસી પ્રજાપતિ માનવામાં આવે છે. તુલસીનું પણ પોલીસે એનકાઉન્ટર કરી દીધું હતું. સમગ્ર દેશમાં ચકચાર જગાવનારા આ કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનની ટીમે બનાસકાંઠાની દાંતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી દીધી છે. આ કેસમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહના નામ અંગે ભારે સસ્પેન્સ છે. કોર્ટમાં રજૂ કરેલા ડોક્યુમેન્ટના એક લાખ જેટલા પાનાં છે. સીબીઆઈએ કોના નામનો ઉલ્લેખ કર્યો છે તે બાબત હવે સોમવાર ઉપર નક્કી થઈ છે.

દરમ્યાન, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહને ગુજરાતમાં પ્રવેશવા દેવાની અરજી ઉપર ૬ઠ્ઠી સપ્ટેમ્બરે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી છે ત્યારે તુલસી કેસની ચાર્જશીટની સુનાવણીની મુદત ૧૦મી સપ્ટેમ્બર ઉપર પડી છે.

આ કેસમાં જેમની પૂછપરછ થઈ છે તેમાં રાજસ્થાનના પૂર્વ ગૃહમંત્રી ગુલાબચંદ કટારિયા, ગુજરાતના બે આઈપીએસ અધિકારીઓ સહિતના નામો છે. સૂત્રોએ જણાવ્યું છે કે સીબીઆઈએ ચાર્જશીટમાં જેમના નામોનો ઉલ્લેખ કર્યો છે તેમાં અમિત શાહ, ગીથા જોહરી, ઓ.પી.માથુર, આર.કે.પટેલ અને પી.સી.પાંડેનો સમાવેશ થાય છે જ્યારે અભય ચૂડાસમાનું નામ નહીં હોવાનું જાણવા મળ્યું છે.

તુલસી કેસના તપાસનીશ અધિકારી સંદીપ તામગાઢગે સહિતની સીબીઆઈની ટીમ શુક્રવારે જ ગાંધીનગર આવી હતી પરંતુ ચાર્જશીટમાં અમિત શાહના નામ અંગે લીગલ સેલ સાથે ચર્ચા કરવાની બાકી હોવાથી શનિવારે ચાર્જશીટ થઈ શકી ન હતી. સુપ્રિમે પણ આ કેસમાં સીબીઆઈને એક સપ્તાહનો સમય આપ્યો છે. આજે મંગળવારે સીબીઆઈએ ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી દીધી છે પરંતુ તેની દલીલો સોમવાર તા. ૧૦મી સપ્ટેમ્બર ઉપર મુલત્વી રાખવામાં આવી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## સાબરકાંઠા જિલ્લામાં ત્રણ બાઈક ચોરીની ફરિયાદો નોંધાઈ

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ભિલોડા અને બાયડ એમ ત્રણ તાલુકામાં ત્રણ બાઈકોની ચોરી થઈ હતી જેમાં બે બાઈકોની ચોરી રાત્રીના અને એક બાઈકની ચોરી બપોરના થઈ હતી. આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ વિજયનગરના ચિતરીયા ગામના ધર્મેન્દ્રભાઈ લીમ્બાજી નીનામાએ પોતાની બાઈક નંબર-જીજે-૯-એસી-૮૬૦ પોતાની દુકાનની બાજુમાં પાર્ક કરેલ જે બાઈક ૨૯મી ઓગષ્ટની રાત્રીના ચોરી થઈ ગઈ હતી. જ્યારે ભિલોડામાં ઉમિયાનગર વિસ્તારમાં રહેતા મદનસિંહ રામસિંહ સિસોદિયાએ પોતાની બાઈક નંબર-જીજે-૫-બીસી-૧૭૮૮ પોતાના ઘરના નીચે પાર્ક કરેલ જે ૩૦મી ઓગષ્ટની રાત્રીના ચોરી થઈ ગઈ હતી અને બાયડના દખણેશ્વરના રહેવાસી ઈશ્વરસિંહ પ્રભાતસિંહ ઝાલાએ ૨૮મી જુલાઈના રોજ બપોરના ૧૨ વાગેના સમયે પોતાની બાઈક નંબર-જીજે-૭-એપી-૧૭૪૩ બાયડમાં સંજીવની હોસ્પિટલ આગળ પાર્ક કરેલ જે ચોરાઈ ગઈ હતી. આ તમામ બાઈક ચોરી અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.



કાંકરેજ તાલુકાના વિદ્યાર્થીઓ જીવના જોખમે બસના છાપરે ચઢી ભણવા - આવજા કરે છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભણવા ઉપર ભાર મૂકી ભણવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ છે જ્યારે કાંકરેજ વિસ્તારના ૧૦૨ ગામો આવેલ છે. જ્યારે તાલુકા મથક શિહોરી ખાતે ભણવા માટે આવતા વિદ્યાર્થીઓને એસ.ટી. વિભાગ દ્વારા બસ કઢાવેલ હોવા છતાં બસના છાપરે ચઢી જીવના જોખમે અભ્યાસ માટે આવન-જાવન કરવી પડે છે. જ્યારે શિહોરીથી શાળા છોડી ઘરે પરત પાટણ તરફ જતા વિદ્યાર્થીઓની વેદના કેમેરા સામે કંડારેલ દેખાઈ આવે છે. (તસવીર : રામજીભાઈ રાયગોર)

## પડુસ્મા ગામે નજીવી બાબતે એક પરિવાર પર ધીંગાણું

પડુસ્મા, તા. ૪

માણસા તાલુકાના પડુસ્મા ગામે એસ.ટી. બસ રોકવાની બાબતે એક જુથમાં લોકોએ એક સંપ થઈ એક જ પરિવારના શખ્સો પર લાકડી, ધોકા જેવા હથિયારોથી હૂમલો કરતો ઈજાગ્રસ્ત ચારને સારવાર અર્થે ગાંધીનગર ખસેડવામાં આવ્યા હતા. જે બાબતે માણસા પોલીસે હુમલાખોરો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા પાસેના પડુસ્મા ગામે એસ.ટી. બસની અનિયમિતતાને કારણે ગામના અમુક લોકો બસો રોકવાની વાત કરતાં પટેલોના ઘણાઓએ સાથ ન આપતા આ બાબતની અદાવત રાખી ગત રાત્રીએ ગામના ચાવડા ખોડાજી મગનજી, જુજારજી અમરાજી, ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ, મુકેશજી મગનજી, પ્રદિપસિંહ ખોડાજી, વનરાજસિંહ મુકેશસિંહ સજ્જનસિંહ શંકરસિંહ, દલપતસિંહ ગોપાળજી, શનિ નરેન્દ્રસિંહ, સુરેન્દ્રસિંહ, શૌલેષસિંહ દલપતસિંહ, જગતસિંહ હેમતુજીએ એક સંપ થઈ હાથમાં લાકડી, ધોકા જેવા હથિયારો ધારણ કરી પટેલ અશોકભાઈ નાથાભાઈ, પૂરીબેન નાથાભાઈ, જગદીશ શંકરભાઈ તથા સુર્યાબેન જગદીશભાઈ પર ટુડી પડતાં ચારે ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક ગાંધીનગર સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જે બાબતે ઈજાગ્રસ્ત અશોકભાઈની ફરિયાદને આધારે વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : રામજીભાઈ રાયગોર)

કાંકરેજ તાલુકામાં ગર્વમેન્ટ મિડીયાના બોર્ડવાળી ગાડી ફરી રહી છે, તે શંકા ઉપજાવતી હોય તેવી તરફ તરહની વાતો થઈ રહી છે. કાંકરેજ વિસ્તારમાં ગર્વમેન્ટ મિડીયાના નામે તાલુકા કક્ષાએ ફરી રહી હોય તેની સરકારી રાહે તપાસ કરવામાં આવે તો આ ગર્વમેન્ટ મીડીયા પાછળ શું રંધાઈ રહ્યું છે તેવું લોકમૂખે ચર્ચાઈ રહ્યું છે. આ બાબતે ગમે તે કારોબાર કરતા હોય અને વાહન માથે પ્રેસ લગાવી ફરતા વાહનોની લાગતા - વળગતા અધિકારીઓ તપાસ કરે તો સાચા મીડીયા કર્મીઓ છે કે ધંધા માટે પ્રેસ લખાવેલ છે તે સાચું જાણવા મળે તેવું લોકમૂખે ચર્ચાઈ રહ્યું છે.

## મોટા કોટડા ગામ નજીક ગરનાળા પાસેથી કીડા પડેલો યુવાનનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લા ઈડર તાલુકાના મોટા કોટડા ગામ નજીકના ગરનાળા પાસે એક યુવાનની કીડા પડેલો મૃતદેહ મળી આવતા જાદર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા જાદર પોલીસમથકના પી.એસ.આઈ. આર.આર. દેસાઈએ જણાવેલ કે મંગળવારના રોજ સવારે ઈડર તાલુકાના મોટા કોટડા ગામના સરપંચ મહેશભાઈ પટેલે જાણ કરી હતી કે ગામ નજીકના ગરનાળામાં એક યુવાનો મૃતદેહ પડ્યો છે તેથી સ્ટાફ સાથે સ્થળ પર જઈ તપાસકરતા મૃતદેહ અંદાજે ૨૫ થી ૨૮ વર્ષનો યુવાનની જણાઈ હતી અને જીન્સ પેન્ટ અને શર્ટ હતું ઉપરાંત મૃતદેહ ફૂલી ગઈ હતી અને કીડા પડેલા હતા અને શરીર પર કોઈ નિશાન જણાયેલ નહિ જેથી આજુબાજુના ગામડાના ગ્રામજનોને મૃતદેહ બતાવ્યો હતો. પણ કોઈ ઓળખાણ થઈ ન હતી જેથી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઈડર સિવિલમાં મોકલી આપી હતી. આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## માણસા શહેરની મતદારયાદી નિયત સ્થળોએ પ્રસિદ્ધ નહિ થઈ હોવાની ફરિયાદ

માણસા, તા. ૪

માણસા નગરપાલિકા મત વિસ્તારના મતદારો માટે મતદારયાદીમાં નામ ન હોય કે નામ દાખલ કરવાનું હોય તે માટે જાહેરાત કરી નિયત જગ્યાએ મતદાર યાદી જોવા માટે મુકવામાં આવેલ હોવાનું જણાવ્યું હતું. જેમાં શહેર વચ્ચે આવેલા ગાંધી પુસ્તકાલયનું પણ નામ હતુ. પરંતુ ત્યાં આજ સુધી મતદારયાદી મુકવામાં આવી નથી. જેથી શહેરીજનોને યાદી જોવા મામલતદાર ઓફિસ સુધી લંબાવું પડે છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા પાલિકા દ્વારા તા. ૩૦-૮-૧૨ના રોજ એક જાહેર સુચના મુજબ નગરપાલિકા મત વિસ્તારના વોર્ડ નં. ૧ થી ૯ ના મતદારો માટે તેમનું નામ આ યાદીમાં હોય અથવા દાખલ કરાવવાનું હોય તેમના માટે શહેરમાં આવેલ પુજ્ય મહાત્મા ગાંધીજી સાર્વજનિક પુસ્તકાલય, મામલતદાર કચેરી, નગરપાલિકા કચેરી તથા કસ્બા તલાટી કચેરી ખાતે મતદારયાદી જોવા મળશે. પરંતુ નગરપાલિકા વિરોધ પક્ષના સભ્ય વિજયસિંહ રાઓલના જણાવ્યા મુજબ માણસા શહેરના મેઈન બજારમાં આવેલ ગાંધીજી પુસ્તકાલયમાં આજ દિન સુધી મતદારયાદી મુકવામાં આવી નથી. જેથી મતદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ઉપરથી અધિકારીઓની બેદરકારી પણ સામે આવી છે. જાહેર સુચનામાં જણાવ્યા મુજબ ફરિયાદ બાબતે મતદારે દસ દિવસમાં જાણ કરવાની રહેશે. પરંતુ યાદી જ મળે નહિ તો સમયનો કોઈ મતલબ નથી જેથી અધિકારીઓ દ્વારા તાત્કાલિક પુસ્તાકલયમાં યાદી મુકાવી મતદારોની તકલીફ દૂર કરવી જોઈએ.

## બાયડ સારસ્વત બી.એડ કોલેજમાં પ્રવેશોત્સવ ઉજવાયો



સાબરકાંઠા જીલ્લામાં શિક્ષણક્ષેત્રે એક આગવુ સ્થાન ધરાવનાર સારસ્વત વુમન પી.ટી.સી કોલેજમાં આજે પ્રથમ વર્ષની તાલીમાર્થી બહેનોને આવકારવા માટે પ્રવેશોતસવ યોજાયો હતો.

સારસ્વત વુમન પી.ટી.સી કોલેજની સ્થાપના કરનાર આદ્યસ્થાપક સ્વ હાજી દશુબેગ મીરઝાં હાલમાં થોડા સમય પહેલા જ સ્વર્ગવાસ પામેલ છે ત્યારે તેમની ગેરહાજરીમાં આજે તેમના નાનાભાઈ હાજી એમ. યુ. મીરઝાં (નિવૃત ડી.વાય.એસ.પી) અને તેમના સુપુત્ર હાજી સમીરબેગ મીરજાં ની હાજરી માં કોલેજ માં પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે પ્રથમ વર્ષ ની તાલીમાથી બહેનો અને તેમના વાલીઓ તેમજ સમીર અંજુમન ટ્રસ્ટ ના મંત્રી એ.કેબલોચ અને કેમ્પસ ડાયરેકટર નરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થીત રહી સર્વે તાલીમાથી બહેનો ને આર્શીવચન પાઠવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમ નુ આયોજન આચાર્ય સમીરભાઈ મકરાણી તથા સ્ટાફ દ્વારા કરવામો આવ્યુ હતું.

## બાયડ હાઈસ્કુલ એથ્લેટીકમાં ઝળકી

બાયડ તા.૪

સાબરકાંઠા જીલ્લા એથ્લેટીક સ્પર્ધા સરડોઈ મુકામો યોજાઈ તે જેમાં બાયડ હાઈસ્કુલના ખેલાડીઓએ ઉતકૃષ્ઠ પ્રદર્શન કર્યુહતુ. ૧૦૦ મીટર દોડ જુનીયર વિભાગના પટે માનવ પરેશભાઈ એ ગોળાફેંક જુનીયરમાં વણઝારા મનોજ ૧૦૦ મીટર બાળ વિભાગમાં પટેલ મોહીલ વિજયભાઈએ પ્રથમ સ્થાન મેળવી જીલ્લા કક્ષાએ શાળાનુ નામ રોશન કર્યુ છે. જયારે ૮૦૦ મીટર દોડ બાળ વિભાગમાં પટેલ રીધ્ધી કીરીટભાઈ, દ્વીતીય સ્થાન જુનીયર ગોળાફેંકમાં પટેલ મીતુલ વિક્રમભાઈ તૃતીય સ્થાને બાળ ગોળાફેકમાં શાહ વીદીત સંજયભાઈએ તૃતીય સ્થાન મેળવી શાળાનુ ગૌરવ વધારેલ છે. શાળાને ગૌરવ અપાવનાર તમામ ખેલાડીઓ તથા વ્યાયામ શિક્ષક સાજીદભાઈ મીરઝાં, રોનકભાઈ પટેલ, વિજયભાઈ પટેલને શાળાના આચાર્ય શ્રી ઉનમેષભાઈ પટેલ, શ્રી વી.એમ.પટેલ, સી.આર પંડયા તથા ઓ.એસ બી.એલ પટેલે અભિનંદન પાઠવ્યા હતા




(તસવીર : સમીર બલોચ, બાયડ)

## બાયડ વાત્રક રોડ ઉપર વીજળીના થાંભલા ધરાશયી

ગઈકાલે રાત્રે બાયડ શહરેમાં જોરદાર વાવાઝોડા સાથે વરસાદ તુટી પડતા ગઈકાલે સાંજે બાયડ વાત્રક રોડ ઉપર આવેલા એક સાથે વીજળીના છ જેટલા થાંભલા ધરાશયી થઈ જતા બાયડ વાત્રક રોડ ઉપર આવેલ સોસાયટીઓ અને કોમ્પલેક્ષમાં અંધારપટ છવાઈ ગયો છે. જયારે અત્રે ઉલ્લેખનીય છે કે હાલ આ સમાચાર લખાય છે ત્યાં સુધી ૨૪ કલાક જેટલો સમય વીતવા છતાં પણ વીજ પુરવઠો ચાલુ થઈ શકયો નહોતો.

## સાબરકાંઠા જિલ્લા કોગ્રેસના ઉપપ્રમુખ તરીકે મણીભાઈ છગનભાઈ પટેલની વરણી

બાયડ, તા.૪



સાબરકાંઠા જીલ્લા કોગ્રેસ ના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલની ભલામણથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા સાહેબે બાયડ શહેરના કોગ્રેસના અગ્રણી મણીભાઈ છગનભાઈ પટેલની અત્યાર સુધી કોંગ્રેસ પક્ષમાં આપેલ ફાળાની કદર કરીને સાબરકાંઠા જીલલા કોગ્રેસના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. આ નીમણુકને બાયડ તાલુકા અને શહરે કોગ્રેસના આગેવાનો, ઠાકોર સાહેબ બાયડ તાલુકા પ્રમુખ અદેસીંહ, બાયડ શહેરના પ્રમુખ દીનુભાઈ પટેલ, આંબલીયારા જીલ્લા પંચાયતના સદસ્ય રમેશભાઈ પટેલ, કીરીટભાઈ ગોસ્વામી, ભુપેન્દ્રભાઈ જોધી તેમજ સાબરકાંઠા જીલ્લા કોગ્રેસના વાઈસ પ્રેસીડેનટ સમીરભાઈ બલોચ, માનવેન્દ્રસીંહ સોલંકી દોલતસીહ (ડીરેકટર સાબર ડેરી)એ આ નીમણુકને વધાવી લઈ અભીનંદન પાઠવ્યા હતા.

### કોમ્પ્યુટર અને પ્રિન્ટર મેઈન્ટેનન્સ કરાવવા અંગેની નિવિદા

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, પ્રથમ માળ, ગાંધીનગરના કોમ્પ્યુટર અને પ્રિન્ટર મેઈન્ટેનન્સ કરાવવાના હોઈ રસ ધરાવતા ઉત્પાદકો, વિક્રેતાઓએ ટેન્ડરો બંધ કવરમાં રજી. પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ ૨૫-૯-૨૦૧૨ સુધીમાં સાંજે ૫-૦૦ વાગ્યા પહેલા મળી જાય તે રીતે મોકલવા. આવેલ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણો દર્શાવવામાં આવશે નહિ.

સહી/-

કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૨૬૮/૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન